181 મહિલા હેલ્પ લાઈનના વડોદરા જિલ્લામાં સફળતાપૂર્વકના 12 વર્ષ પૂર્ણ

રાજ્યમાં 181 અભયમે 3.60 લાખ મહિલાને મદદ પૂરી પાડી

વડોદરા જિલ્લામાં હેલ્પ લાઇનની શરૂઆતથી 1,51,407 જેટલા કોલ મળ્યાં

(પ્રતિનિધિ) વડોદરા તા.7

મહિલાઓને ઘરેલુ હિંસા સહિતની વિવિધ પ્રકારની હિંસા તેમજ મુશ્કેલીની બાબતમાં તાત્કાલિક ધોરણે બચાવ અને સલાહ, માર્ગદર્શન ઉપરાંત મહિલાલક્ષી યોજનાઓની જાણકારી મળી રહે માટે ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગૃહ વિભાગ, રાજ્ય મહિલા આયોગ અને ઈએમઆરઆઇ ગ્રીન હેલ્થ સર્વીસ સંકલિત રીતે 8 માર્ચ 2015ને આંતર રાષ્ટ્રિય મહિલા દિવસના રોજ રાજ્ય વ્યાપી 181 અભયમ મહિલા હેલ્પ લાઇન શરૂ કરવામાં આવી હતી. જેમાં વડોદરામાં શરૂઆતથી લઈને અત્યાર સુધીમાં 1,51,407 અભયમને કોલ મળ્યાં હતા. જેમાં કાઉન્સિલરોએ સ્થળ પર દોડી જઈને મદદ પુરી પાડી હતી. જ્યારે સમગ્ર ગુજરાતમાં 3,60,964 મહિલાઓને મદદ પુરી પાડી હતી. 181 અભયમ યોજનાના પ્રારંભથી ફેબ્રુઆરી

2026 સુધીના 12 વર્ષના સમયગાળા દરમિયાન 18,19,913થી વધુ મહિલાઓને જરૂરીયાત મુજબ સલાહ, બચાવ,માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું છે અને 181 મહિલા હેલ્પ લાઈન એ અનેક મહિલાઓના જીવનમા નવી આશા પણ જગાડી છે અને તાકીદની પરિસ્થિતીમાં અભયમ રેસ્કયુ વાન સાથે મહિલા કાઈન્સિલર દ્વારા ઘટના સ્થળ પર પહોંચીને 3,60,964. જેટલી મહિલાઓને મદદ પુરી પાડી છે અને 2,29,660 જેટલા કિસ્સામાં સ્થળ ઉપર જ જઈને રેસ્કયુ વાન દ્વારા રેસ્ક્યું કરીને સરકારની અન્ય સંસ્થાઓ સુધી પહોચાડવામાં આવી હતી. વડોદરા જિલ્લામાં હેલ્પ લાઇનની શરૂઆતથી 1,51,407 જેટલા કોલ આવ્યાં હતાં અને 31,961 મુશ્કેલ પરિસ્થિતીમાં ઘટના સ્થળે પહોચી જરૂરી મદદ માર્ગદર્શન અને બચાવ કરવામાં આવ્યા હતા. રાજ્યની મહિલાઓને સમાજિક અને આર્થિક રીતે સુદ્રઢ બનાવવા હંમેશા ચિંતિત અને પ્રયત્નશીલ રહેતી રાજ્ય સરકારના ગૃહ વિભાગ અને મહિલા તેમજ બાળ વિકાસ દ્વારા મહિલાઓની સલામતી અને સુરક્ષા માટે સેફ સીટી પ્રોજેક્ટ હેઠળ અમદાવાદ શહેરમાં 12 અભયમ વાનનું ગત 5 માર્ચ 2023ના રોજ મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના વરદ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સમગ્ર દેશમાં ગુજરાત એ આગવી પહેલ કરનાર પ્રથમ રાજ્ય બન્યુ છે. જેમાં 181 મહિલા હેલ્પ લાઇન હેઠળ 59 રેસ્કયું વાનનો કાફલો કાર્યરત છે. 24 *7 મહિલાઓ ની સલામતી અને સુરક્ષા ની કામગિરી માં કાર્યનાવિત કરેલ છે. અભયમ 181. મહિલા હેલ્પ લાઇન ના મુખ્ય હેતુ ઓ મુશ્કેલ પરિસ્થિતી માં મુકાયેલ કોઈપણ મહીલાને 24 કલાક વિના મૂલ્યે મદદ આપવી, રાજ્ય ની મહિલાઓ અભય બની સકે અને તેમની સામે ઘરેલું કે અન્ય પ્રકારની હિંસા અથવા તો દુર્વ્યવહાર કે છેડતી જેવી ઘટના સમયે તાત્કાલિક બચાવ, મદદ અને માર્ગદર્શન માટે જરૂરી માળખાઓ તૈયાર રાખવાં, મહિલાઓ ને મદદરૂપ બનનાર વિવિધ માળખાઓ ને વધુ સુદ્રઢ બનાવવાતેમજ મહિલા લક્ષી યોજનાનો ની લાભાર્થી સુધી માહિતી પહોચાડવાનો છે આ ઉપરાત મહિલાઓ ને મદદરૂપ બનનાર કોઈપણ પુરૂષ થર્ડ પાર્ટી તરીકે ઉપયોગ કરી સકે છે અને આ માહીતિ ગોપનીય રાખવામાં આવે છે

માથેલા સાંઢની જેમ બેફામ દોડતાં ભારધારી વાહનો સામે પોલીસ નત મસ્તક

આજવા ચોકડી પાસે આઈસરની ટક્કરે એક્ટિવા સવાર યુવતીનું મોત, ચાલક ઝબ્બે

(પ્રતિનિધિ) વડોદરા તા.7

વડોદરા શહેરના આજવા ચોકડી નજીક વહેલી સવારે ગંભીર માર્ગ અકસ્માત સર્જાતા એક્ટિવા સવાર યુવતીનું કરુણ મોત થયું હતું. આઈસર ટ્રકે એક્ટિવાને ટક્કર મારતા 31 વર્ષીય પ્રિન્સા પરમારનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. બાપોદ પોલીસે આઈસર ચાલકને ઝડપી પાડી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ પ્રિન્સા પરમારને તેમના સસરા બાઇક પર નોકરીએ મૂકવા લઈ જઈ રહ્યા હતા. તે દરમિયાન આજવા ચોકડી નજીકથી પસાર થતાં પાછળથી ઝડપભેર આવી રહેલા આઈસર ટ્રકે તેમની બાઇકને અડફેટે લીધી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે પ્રિન્સા પરમાર રસ્તા પર પટકાઈ જતા ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેમનું સ્થળ પર જ મોત થયું હતું.

અકસાન્તની જાણ થતાં સ્થાનિક લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી મૃતદેહને કબ્જે લઈને પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો.

આ બનાવને લઈને બાપોદ પોલીસે આઈસર ચાલકને ઝડપી પાડી તેની સામે ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે. શહેરમાં બેફામ દોડતા ભારધારી વાહનોના કારણે વારંવાર અકસ્માતો સર્જાતા હોવાના કારણે લોકોમાં ચિંતા પણ વ્યક્ત થઈ રહી છે

વડોદરામાં ઘરેલું સિલિન્ડરની કિંમત 859 રૂપિયા અને કોમર્શિયલની 1,802 રૂપિયા

ઈરાન-ઈઝરાયેલ યુદ્ધની ઝાળ વડોદરા સહિત ભારતીય રસોડા સુધી પહોંચી

મોંઘવારીનો ડામ: 11 મહિનાના લાંબા વિરામ બાદ ઘરેલું ગેસ સિલિન્ડરના ભાવ વધ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.7

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વણસતી જતી યુદ્ધની સ્થિતિની સીધી અને માઠી અસર વડોદરા સહિત ભારતીય ગૃહિણીઓના રસોડા પર પડી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે સર્જાયેલા તણાવને કારણે ઊર્જા ક્ષેત્રે અનિશ્ચિતતા સર્જાતા ભારતમાં રાંધણ ગેસના ભાવમાં મોટો વધારો કરવામાં આવ્યો છે. શનિવાર, 7 માર્ચથી અમલી બનેલા નવા દરો મુજબ, ઘરેલું વપરાશના 14.2 કિલોના સિલિન્ડરમાં 60 રૂપિયાનો વધારો થયો છે.

એપ્રિલ 2025 પછી પ્રથમ વખત ઘરેલું ગેસ સિલિન્ડરની કિંમતોમાં વધારો નોંધાયો છે. આ ભાવવધારાને કારણે સામાન્ય મધ્યમ વર્ગના બજેટ ખોરવાઈ ગયા છે. માત્ર ઘરેલું જ નહીં, પરંતુ હોટલ, ઢાબા અને રેસ્ટોરન્ટમાં વપરાતા 19 કિલોના કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં પણ 115 રૂપિયાનો તોતિંગ વધારો ઝીંકવામાં આવ્યો છે, જેના કારણે આગામી દિવસોમાં બહારનું જમવું પણ મોંઘું થઈ શકે છે.

મિડલ ઈસ્ટમાં વધતા જતા સંકટને ધ્યાનમાં રાખીને ભારત સરકારે દેશની 'એનર્જી સિક્યોરિટી' સુનિશ્ચિત કરવા માટે કમર કસી છે. આંતરરાષ્ટ્રીય તણાવને કારણે જો ભવિષ્યમાં સપ્લાય ચેઈન પ્રભાવિત થાય, તો દેશમાં ગેસની અછત ન સર્જાય તે માટે સરકારે 6 માર્ચના રોજ એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી.

આ બેઠકમાં કેન્દ્ર સરકારે જાહેર અને ખાનગી ક્ષેત્રની તમામ ઓઈલ રિફાઈનરીઓને તાકીદનો નિર્દેશ આપ્યો છે કે તેઓ રાંધણ ગેસનું પ્રોડક્શન તાત્કાલિક ધોરણે વધારે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ નિર્ણય એટલા માટે લેવામાં આવ્યો છે કે જેથી વૈશ્વિક કટોકટીની સ્થિતિમાં પણ સ્થાનિક બજારમાં ગેસની ઉપલબ્ધતા પર કોઈ મોટી અસર ન પડે અને નાગરિકોને મુશ્કેલીનો સામનો ન કરવો પડે.

ફાયર બ્રિગેડના જવાનો દ્વારા કેનાલના પાણીમાંથી લાશને બહાર કઢાઈ

સમા ખાતે ડુબેલા યુવકની લાશ 4 દિવસ બાદ શેરખી ભીમપુરા કેનાલામાંથી મળી

પોલીસે યુવકના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે સરકારી હોસ્પિટલમા ખસેડી

(પ્રતિનિધિ) વડોદરા,તા.7

વડોદરાની સમા કેનાલમાં ધુબેટીના દિવસે ડૂબેલા યુવકની શોધખોળ માટે આખરે એસડીઆરએફની મદદ લેવામાં આવી છે. સમા સાવલી રોડ પર લીલેરીયા પાછળથી પસાર થતી કેનાલમાં ધુબેટીના દિવસે ડૂબેલા બે યુવક પૈકી એક જણાને સ્થાનિક લોકોએ બચાવી લીધો હતો. જ્યારે બીજા યુવકનો પત્તો નહીં લાગતા ફાયર બ્રિગેડની મદદ લેવામાં આવી હતી. ત્રણ દિવસથી ફાયર બ્રિગેડ દ્વારા શોધખોળ કરવામાં આવી રહી હતી. પરંતુ સફળતા મળી ન હતી. જ્યારે પરિવારજનો દ્વારા પણ પૈસા ચૂકવી ખાનગી તરવૈયાઓ બોલાવ્યા હતા. જોકે તેઓ પણ અજય શર્માને શોધી શક્યા ન હતા. ત્યારે, હવે

વહીવટી તંત્ર દ્વારા એસડીઆરએફની પણ મદદ લેવામાં આવી છે. સવારથી જુદી જુદી ટીમો શોધખોળ કરી રહી હોવા છતાં હજી યુવકનો પત્તો નહીં મળતાં કેનાલનું પાણી ઓછું કરવા માટે પણ રજૂઆત કરવાની તજવીજ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારે 7 માર્ચના રોજ સમા ખાતે ડુબેલ યુવકની લાશ શેરખી ભીમપુરા કેનાલમાંથી તરતી જોવા મળી હતી જેથી સ્થાનિક લોકો દ્વારા ફાયર બ્રિગેડને જાણ કરાઇ હતી. જેથી વાસણા ફાયર બ્રિગેડની ટીમે તુરંત સ્થળ પર દોડી આવીને અને અજય શર્મા નામના યુવકને પાણીમાંથી બહાર કાઢી લાશને પીએમ માટે ખસેડવામાં આવી હતી.

પતિ પત્નીએ પ્રથમમાળે કબાટ ચેક કરતા સોના-ચાંદીના દાગીના અને રોકડ ગાયબ

બિલ કલાલીમાં શ્રમિકો રૂ.2.75 લાખ મતા પણ સાફ કરી ગયાં

(પ્રતિનિધિ) વડોદરા તા.7

શહેરના બિલ કલાલી રોડ પર ખાનગી કંપનીના સેલ્સ મેનેજરના ઘરમાં સફાઇ કરવા માટે એજન્સીના ત્રણ શ્રમિકો આવ્યાં હતા. ત્યારે સફાઇ કામ કર્યા બાદ પ્રથમમાળે કબાટમાંથી સોનાના ચાંદીના અને રોકડ રકમ મળી રૂ.2.75 લાખની ચોરી કરી ગયાં હતા. જેથી મજૂરોનો ફોન પર સંપર્ક કરતા તેમના મોબાઇલ પણ બંધ આવતાં હતા. જેથી મેનેજરે ત્રણ શ્રમિકો સામે ચોરીની ફરિયાદ નોંધાવી છે. વડોદરા શહેરના બિલ-કલાલી રોડ પર પુષ્પક હોમ સોસાયટી સામે રોયલ હેરીટેજ વિલામાં રહેતા અલ્પેશકુમાર બદરીલાલ જૈન (ઉ.વ.41) બિરલા ઓપસ કંપનીમાં સેલ્સ મેનેજર છે. તેમની પત્ની શેફાલીબેન ઘરની સફાઈ માટે અમદાવાદ વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલી ચામુંડા હોમ ક્લીનિંગ સર્વિસનો સંપર્ક કર્યો હતો. ત્યારે કામ સાવરિયા દીપ ક્લીનિંગ સર્વિસને સોંપાયું હતું. 24 ફેબ્રુઆરીના રોજ અલ્પેશ જૈન કંપનીના કામથી મુંબઈ ગયા હતા. 1 માર્ચના રોજ સાંજે લગભગ સવા પાંચ વાગ્યે તેઓ ઘરે પરત ફર્યા હતા ત્યારે તેમની પત્ની અને દીકરી ઘરે હાજર હતા. ત્રણ મજૂરો દ્વારા ઘરની સફાઈ કરાઇ રહી હતી. હીરા કીર, બાબુ કીર અને પ્રકાશ કીર નામના ત્રણ શ્રમિકો રાજસ્થાનના વતની હોવાનું જણાવ્યું હતું. સફાઈ કામ પૂર્ણ થયા બાદ હીરા કીરે મજૂરીના રૂ.5 હજાર માંગ્યા હતા. અલ્પેશ જૈને ઓનલાઈન ચુકવણી કરવાની વાત કરતા હીરાએ પોતાના ફોનમાં ટ્રાન્ઝેક્શન ન થતું હોવાનું કહી સાવરિયા ક્લીનિંગના લાલાભાઈ કીર પાસેથી વોટ્સએપ મારફતે સ્કેનર મંગાવી દીધું હતું. ત્યારબાદ અલ્પેશ જૈને સાંજે લગભગ સાડા પાંચ વાગ્યે ઓનલાઈન ટ્રાન્સફર કર્યા હતા. બાદમાં ત્રણેય મજૂરો એક બાઈક લઈને ત્યાંથી નીકળી ગયા હતા. રાત્રે લગભગ 11 વાગ્યે અલ્પેશ જૈન અને તેમની પત્નીએ મકાનના પ્રથમ માળે આવેલા કબાટમાં રાખેલા લોકરની તપાસ કરતાં તેમાં મુકેલા સોનાની પાયલ, બંગડી, બે મંગળસૂત્ર, ચાંદીની મૂર્તિઓ તથા રૂ.25 હજાર રોકડ મળી કુલ રૂ.2.75 લાખની માલ મતા ગાયબ હતી. પત્નીના જણાવ્યાં મુજબ બપોરના સમયે કબાટ ખુલ્લું હતું અને લોકરની ચાવી ઉપર જ મૂકી હતી. તે સમયે ચા બનાવવા માટે નીચે ગઇ હતી ત્યારે મજૂરો દ્વારા લોકર ખોલીને ચોરી કરી હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી છે. આ અંગે બીજા દિવસે મજૂરોનો સંપર્ક કરવાનો પ્રયત્ન કરતાં તેમના મોબાઈલ ફોન બંધ આવતા અલ્પેશ જૈને ત્રણ મજૂરો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

તંત્રની ઘોર નિંદ્રા, જાંબુવા-સુંદરપુરા હાઈવે 'ડેથ ઝોન' બન્યો

નેશનલ હાઈવે 48 પર વધુ એક અકસ્માત, એરબેગ્સ ખુલતા બે ચાલકોના જીવ બચ્યાં

(પ્રતિનિધિ), વડોદરા. તા.7

વડોદરાના જાંબુવા થી સુંદરપુરા તરફ જતા નેશનલ હાઈવે નંબર 48 પર આજે ફરી એકવાર ભયાનક અકસ્માત સર્જાતા ચકચાર મચી ગઈ હતી. એક ઈકો ગાડી અને સુઝુકી ડિઝાયર વચ્ચે થયેલી આ પ્રચંડ ટક્કરમાં બંને કારના ફુરચા ઉડી ગયા હતા. સદનસીબે બંને કારની એરબેગ્સ સમયસર ખુલી જતાં મોટી જાનહાનિ ટળી હતી, પરંતુ આ ઘટનાએ ફરી એકવાર હાઈવે ઓથોરિટી અને સ્થાનિક વહીવટી તંત્રની ગુનાહિત બેદરકારીને ખુલ્લી પાડી દીધી છે. મળતી માહિતી મુજબ, સુઝુકી ડિઝાયરના ચાલક જ્યારે રોડ ક્રોસ કરી રહ્યા હતા, ત્યારે ગોધરાથી કીમ તરફ પૂરઝડપે જઈ રહેલી ઈકો ગાડી સાથે તેમની જોરદાર ટક્કર થઈ હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે તેનો અવાજ દૂર સુધી સંભળાયો હતો. અકસ્માત થતા જ આસપાસની સોસાયટીના રહીશોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. લોકોએ તત્કાલ મદદ કરી બંને કારચાલકોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. નસીબજોગે કોઈને ગંભીર ઈજા પહોંચી નથી, પરંતુ વાહનોને લાખોનું નુકસાન થયું છે. ઘટનાસ્થળે એકઠા થયેલા સોસાયટીના રહીશોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. સ્થાનિકોએ આક્ષેપ કર્યો હતો કે આ પોઈન્ટ હવે 'અકસ્માત ઝોન' બની ગયો છે. ગયા

વર્ષે અહીં એક આશાસ્પદ યુવકે અકસ્માતમાં જીવ ગુમાવ્યો હતો, જેના પગલે પ્રચંડ જનઆક્રોશ સાથે ચક્કાજામ કરવામાં આવ્યો હતો. તે સમયે ઉચ્ચ અધિકારીઓએ ખાતરી આપી હતી કે ટૂંક સમયમાં અહીં સ્ટ્રીટ લાઈટો, સર્કલ બનાવવામાં આવશે અને ટ્રાફિક પોઈન્ટ મૂકવામાં આવશે. મહિનાઓ વીતી ગયા હોવા છતાં આજે પણ અહીં અંધારપટ છવાયેલો રહે છે અને ટ્રાફિક નિયમન માટે કોઈ વ્યવસ્થા નથી. જો વહેલી તકે અહીં સર્કલ, પ્રોપર સાઈન બોર્ડ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા કરવામાં નહીં આવે, તો રહીશોએ આગામી દિવસોમાં ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

સત્તાવાર વેબસાઇટ પરથી જોઈ શકશે

CA ઈન્ટરમિડીએટ -ફાઉન્ડેશનની પરિક્ષાઓનું 8 માર્ચના પરિણામ

(પ્રતિનિધિ) વડોદરા,તા.7

ધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા દ્વારા જાન્યુઆરીમાં લેવાયેલી સીએ ઈન્ટરમિડીએટ અને સીએ ફાઉન્ડેશનની પરિક્ષાઓનું પરિણામ 8 માર્ચે જાહેર થશે. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયાએ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ જાન્યુઆરી 2026 ફાઉન્ડેશન અને ઈન્ટરમીડિયેટ પરીક્ષાના પરિણામની તારીખ અને સમય જાહેર કર્યો છે. પરીક્ષામાં હાજર રહેલા ઉમેદવારો ટૂંક સમયમાં સત્તાવાર વેબસાઈટ icai.nic.in પરથી મેરિટ લિસ્ટ ડાઉનલોડ કરી શકશે.

ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટડ એકાઉન્ટન્ટ ઓફ ઈન્ડિયા પરીક્ષા વિભાગ દ્વારા જારી કરાયેલ સત્તાવાર સૂચના અનુસાર આઈસીએઆઈ સીએ ફાઉન્ડેશન અને ઈન્ટરમીડિયેટ સ્તરના પરિણામો 8 માર્ચ, 2026 ના રોજ બપોરે જાહેર થવાનું છે. સત્તાવાર સૂચનામાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, વિદ્યાર્થીઓએ પરિણામ અને મેરિટ લિસ્ટ ડાઉનલોડ કરવા માટે તેમના નોંધણી નંબર અને રોલ નંબર સાથે લોગિન કરવાની જરૂર પડશે.

નોંધનીય છે કે, થોડા દિવસો પૂર્વે જ આઈસીએઆઈ દ્વારા સીએ ફાઈનલની પરીક્ષાના પરિણામો જાહેર કરવામાં આવ્યા હતા. જે બાદ ટૂંકા ગાળામાંજ ઈન્ટરમિડીએટ અને ફાઉન્ડેશનના પરિણામો જાહેર કરવામાં આવી રહ્યા છે. પરિણામ જાહેર થયા બાદ વિદ્યાર્થીઓ પોતાની માર્કશીટ તથા વિષયવાર ગુણોની વિગત પણ સત્તાવાર વેબસાઈટ પરથી જોઈ શકશે. પરિણામને લઈને વિદ્યાર્થીઓમાં ઉત્સુકતા જોવા મળી રહી છે અને ઘણા વિદ્યાર્થીઓ પરિણામની રાહ જોઈ રહ્યા છે.

રસ્તો સાફ થતા વાહનચાલકોમાં રાહત

ગોરવા-મધુનગર રોડ પર રસ્તાને અવરોધરૂપ દુકાન તોડી પડાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.7

વડોદરા શહેરના ઉત્તર વિસ્તારમાં આવેલા ગોરવા મધુનગર વિસ્તારમાં શનિવારે પાલિકાના દબાણ શાખા દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી હતી. ટી.પી. 55-મધુનગર રોડ પર 24 મીટરના રસ્તામાં અવરોધરૂપ બનતા એક પાકી દુકાનના ગેરકાયદે બાંધકામ પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું.

ગોરવા વિસ્તારમાં આવેલ ટી.પી. 55 માં 24 મીટરનો રસ્તો પસાર થાય છે. નિયમ મુજબ આ રસ્તાની લાઈનમાં એક પાકી દુકાનનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ દુકાનનું આગળનું આશરે 62 ફૂટ જેટલું બાંધકામ ગેરકાયદેસર રીતે રસ્તાની જગ્યામાં દબાયેલું હતું. 24 મીટરના માર્જિનમાં આવતા આ બાંધકામને કારણે રસ્તો સાંકડો થઈ જતો હતો અને ટ્રાફિકની સમસ્યા સર્જાતી હતી. આ ગેરકાયદે બાંધકામ મામલે અગાઉ પણ નોટિસ અપાઈ હતી, પરંતુ યોગ્ય પ્રતિસાદ ન મળતા આજે મ્યુનિસિપલ કોર્પોરેશનની દબાણ શાખાની ટીમ કાફલા સાથે ઘટનાસ્થળે પહોંચી હતી. સ્થાનિક પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે દબાણ શાખાએ જેસીબીની મદદથી દુકાનનું ગેરકાયદે બાંધકામ તોડી પાડ્યું હતું. કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ગોરવા પોલીસ સ્ટેશનનો સ્ટાફ અને મહિલા પોલીસ કર્મચારીઓ પણ સ્થળ પર હાજર રહ્યા હતા. પોલીસની હાજરીમાં કોઈ પણ પ્રકારના વિરોધ વગર તંત્રએ ડિમોલિશન પૂર્ણ કર્યું હતું. આ કામગીરી બાદ 24 મીટરનો રસ્તો હવે અવરોધ મુક્ત બન્યો છે, જેનાથી સ્થાનિકો અને વાહનચાલકોને મોટી રાહત મળશે.

સાવચેતી જરૂરી ડીપફેક, વોઈસ ક્લોનિંગ અને સેક્સટોર્શન જેવી નવી રીતોથી સાયબર ગુનેગારો સક્રિય

AI ના યુગમાં મહિલાઓ માટે વધતા સાયબર ખતરાં

(પ્રતિનિધિ) વડોદરા,તા.7

આજના સમયમાં સ્માર્ટફોન અને ઈન્ટરનેટ આપણા જીવનનો અભિન્ન ભાગ બની ગયા છે. સોશિયલ મીડિયા, ઓનલાઈન બેંકિંગ, ડિજિટલ પેમેન્ટ અને વર્ચ્યુઅલ કમ્યુનિકેશનના કારણે જીવન વધુ સરળ બન્યું છે, પરંતુ આ ડિજિટલ ક્રાંતિ સાથે સાયબર ગુનાઓમાં પણ ઝડપથી વધારો નોંધાઈ રહ્યો છે. ખાસ કરીને મહિલાઓ અને યુવતીઓ હવે સાયબર ગુનેગારો માટે સહેલું નિશાન બની રહી છે. આ પરિસ્થિતિ વધુ ગંભીર બની છે કારણ કે હવે ગુનેગારો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) જેવી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને વધુ ચતુરાઈથી સાયબર હુમલા કરી રહ્યા છે. AI ની મદદથી બનાવાયેલા નકલી વિડિયો, અવાજની નકલ અને ફોટો મોર્ફિંગ જેવા ગુનાઓ મહિલાઓ માટે મોટી ચિંતા બની રહ્યા છે. સાયબર નિષ્ણાતો મુજબ મહિલાઓ સામે થતા AI આધારિત સાયબર હુમલાના અનેક પ્રકારો જોવા મળે છે. તેમાં ડીપફેક સૌથી ગંભીર ખતરો ગણાય છે. AI ટેકનોલોજી દ્વારા કોઈપણ વ્યક્તિના ફોટા અથવા વિડિયોના આધારે એકદમ અસલી લાગતા નકલી વિડિયો તૈયાર કરવામાં આવે છે. ઘણી વખત ગુનેગારો સોશિયલ મીડિયા પરથી મહિલાઓના ફોટા ડાઉનલોડ કરીને અશ્લીલ અથવા અપમાનજનક વિડિયો બનાવી દે છે અને પછી તે વિડિયો દ્વારા બ્લેકમેલિંગ અથવા માનસિક ત્રાસ આપવામાં આવે છે. તે ઉપરાંત AI વોઈસ ક્લોનિંગ દ્વારા પણ ઠગાઈ કરવામાં આવે છે.

મહિલાઓ માટે મહત્વપૂર્ણ સાયબર સુરક્ષા ટીપ્સ

- સોશિયલ મીડિયા પ્રોફાઇલ Private રાખો
- અજાણ્યા લોકોની ફ્રેન્ડ રિક્વેસ્ટ અને મેસેજ અવગણો
- સોશિયલ મીડિયા અને ઈમેલમાં Two Factor Authentication (2FA) ચાલુ રાખો
- ઘરનું સરનામું, ફોન નંબર, લાઈવ લોકેશન જેવી વ્યક્તિગત માહિતી શેર ન કરો
- લેપટોપ કેમેરા પર કવર રાખો અને ફક્ત અધિકૃત એપ સ્ટોર પરથી જ એપ્સ ઇન્સ્ટોલ કરો

સાયબર હુમલો થાય તો આટલું કરો

જો કોઈ સાયબર હુમલો થાય તો ગભરાશો નહીં અને બ્લેકમેલરને પૈસા આપવાના બદલે તરત કાનૂની મદદ લો. મેસેજ અને ચેટના સ્ક્રીનશોટ પુરાવા તરીકે સાચવી રાખો. સાયબર ગુનાઓની ફરિયાદ માટે cybercrime.gov.in પર ઓનલાઈન ફરિયાદ કરી શકાય છે અથવા સાયબર હેલ્પલાઇન નંબર 1930 પર સંપર્ક કરી શકાય છે. ટેકનોલોજી આપણા જીવનને સરળ બનાવે છે, પરંતુ તેનો ખોટો ઉપયોગ સમાજ માટે ગંભીર જોખમ બની શકે છે. મહિલાઓ અને યુવતીઓ માટે ડિજિટલ દુનિયામાં સુરક્ષિત રહેવું આજના સમયમાં અત્યંત જરૂરી બની ગયું છે.

મયુર ભુસાવળકર (સાયબર એક્સપર્ટ)

સાયબર હુમલાના સંકેતો

- ડીપફેક વિડિયોમાં ચહેરાની કિનારીઓ ઝાંખી દેખાય
- હોઠની હરકત અવાજ સાથે મેળ ખાતી ન હોય
- આંખો પલકાવવાની રીત અજીબ લાગે
- અજાણ્યા નંબર પરથી આવતા વીડિયો કોલમાં ચહેરો ન બતાવો
- "તમારો ફોટો વાયરલ થયો છે" જેવા મેસેજ સાથે આવેલી શંકાસ્પદ લિંક્સથી સાવધાન રહો

મહિલાઓ સામે વધતા AI આધારિત સાયબર ગુનાઓ

ડીપફેક - AI દ્વારા નકલી વિડિયો બનાવી બ્લેકમેલિંગ **વોઈસ ક્લોનિંગ** - અવાજની નકલ કરીને પરિવાર પાસે પૈસા માંગવાની ઠગાઈ **સાયબર સ્ટોકિંગ** - ઓનલાઈન પીછો કરીને હેરાનગતિ **ફોટો મોર્ફિંગ** ફોટા એડિટ કરીને ખોટા ફોટા બનાવી બ્લેકમેલ **સેક્સટોર્શન** - વીડિયો કોલ અથવા ચેટ દ્વારા બ્લેકમેલિંગ

ધવલ નર્સિંગ ચાર રસ્તા પાસેનો વિડીયો વાયરલ, ધરપકડ

વડોદરામાં જાહેર માર્ગ પર યુવકનો તમાશો રોડ વચ્ચે બાઈક મુકી વાહનચાલકોની કનડગત

(પ્રતિનિધિ) વડોદરા,તા.7

વડોદરા શહેરના ધવલ નર્સિંગ હોમ પાસેના જાહેર માર્ગ પર એક યુવકે પોતાની બાઈકને રસ્તા પર આડી મૂકી દીધી હતી. જેના કારણે વાહનચાલકો હેરાન પરેશાન થયા હતા. આ ઘટનાનો વીડિયો સ્થાનિક લોકોએ તેમના મોબાઈલમાં કેદ કરી વાયરલ કર્યો હતો. ત્યાંથી પસાર થઈ રહેલા પીસીઆરના પોલીસ કર્મચારીઓએ યુવકને રસ્તા પરથી સાઈડ પર હટાવી પરત ફર્યા હતા. જોકે, ત્યાર બાદ ફરી યુવકે પોતાની બાઈક રસ્તા પર આડી મૂકી દેતા વાહનચાલકો મુશ્કેલીમાં મૂકાયા હતા. વડોદરામાં જાહેર માર્ગ ઉપર એક યુવકે તમાશો કર્યો હતો. રોડ વચ્ચે બાઈક મૂકીને વાહન ચાલકોને હેરાન પરેશાન કર્યા હતા. ધવલ નર્સિંગ ચાર રસ્તા પાસેનો આ વિડીયો વાયરલ

થયો હતો. બાઈકને રોડ વચ્ચે પાર્ક કરી રસ્તો રોક્યો હતો. ત્યારે યુવકના આ તમાશાથી ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. આ ઘટના ત્યારે બની જ્યારે યુવક રસ્તો ક્રોસ કરવાનો પ્રયાસ કરતો હતો. ટ્રાફિક વધુ હોવાના કારણે યુવક રસ્તો ક્રોસ કરી શક્યો ન હતો. જેથી અચાનક જ તેણે પોતાની બાઈકને રોડની વચોવચ પાર્ક કરી દીધી અને ત્યાં ઊભો રહીને તમાશો કરવા લાગ્યો હતો. તેના આ કૃત્યથી પસાર થતા વાહનો અટકી પડ્યા હતા અને ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. ત્યારે, નજીકમાંથી પસાર થતા લોકો અને ડ્રાઈવરોની ફરિયાદો પરંતુ, યુવકને કોઈ ફેર પડ્યો નહીં. આ દ્રશ્ય જોતાં જ ત્યાંથી પસાર થતી પીસીઆરની ટીમ તરત જ એક્શનમાં આવી હતી. પોલીસ કર્મચારીઓએ યુવકને ઝડપી લીધો અને તેની બાઈકને રસ્તા વચ્ચેથી હટાવીને ટ્રાફિક હળવો કર્યો હતો અને યુવકને ચેતવણી આપીને છોડી દીધો હતો. પરંતુ પોલીસ કર્મચારીઓ સ્થળ પરથી દૂર જતાં જ તેણે ફરીથી પોતાની બાઈકને રસ્તા પર આડી મૂકી દીધી હતી.જ્યારે આ મામલે વારસીયા પોલીસે રોડ પર બખેડ